# ૧૯મી સદી દરમ્યાન ગુજરાતના કેળવણી વિકાસમાં 'બુધ્દ્વિપ્રકાશ'ની ભૂમિકા

ડૉ. વિજયા યાદવ

ઈતિહાસ વિભાગ,

સમાજવિધાભવન,

ગુજરાત યુનિવર્સીટી,

અમદાવાદ.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ગુજરાતમાં માત્ર પ્રતિષ્ઠિત જ નહિ પરંતુ તે અત્યંત લોકપ્રિય સંસ્થા પણ હતી. કોઈપણ સંસ્થા અને તેની પ્રવૃત્તિઓ પાછળ મહત્ત્વના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પરિબળોની ભૂમિકા હોય છે.

ઈ.સ. ૧૮૧૮માં ગુજરાત પર બ્રિટિશ શાસન સ્થપાયું તે પહેલાં પણ નરસિંહ મહેતા, મીરાંબાઈ અને અખા જેવા કેટલાક ભક્ત કવિઓએ સામાજિક દૂષણો સામે તેમની અસંમતિ પ્રદશિત કરી હતી અને નરસિંહ મહેતાએ તો હરિજનોના ઘરોમાં જઈને ભજન-કિર્તન કર્યાં હતાં. આમ હોવા છતાં તે સમયે આધુનિક વિચારસરણી પ્રગટ થઈ ન હોવાથી તેમ જ બળદગાડા જેવા વાહન વ્યવહારનાં સાધનો પ્રાથમિક કક્ષાનાં હોવાને લીધે સુધારાની પ્રવૃત્તિ ફેલાઈ શકી ન હતી

સમાજસુધારાની પ્રવૃત્તિઓ બ્રિટિશ શાસન દરમ્યાન જ સાચા અર્થમાં ખીલી અને વિસ્તરી હતી. બ્રિટિશ હકુમતની સાથે સાથે ગુજરાતમાં બુધ્દ્વિગમ્ય “રેશનલ" અને સેક્યુલર “ધર્મનિરપેક્ષ" વિચારસરણીનો ફેલાવો થતો ગયો અંગ્રેજોએ કન્યાશાળાઓ સહિત ગુજરાતમાં ઠેર ઠેર શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી તેને પરિણામે આધુનિક શિક્ષણને ઉત્તેજન મળ્યું વળી ગુજરાતમાં નવા મધ્યમવર્ગનો ઉદય થયો. રેલ્વે, તાર, ટપાલ અને છાપખાના જેવી ક્રાંતિકારી સંસ્થાઓ પણ બ્રિટિશ શાસનને પરિણામે જ વિકસી ગુજરાતના ઈતિહાસમાં સાથે જ એક ક્રાંતિકારી તબક્કો શરૂ થયો *

બુધ્દ્વિપ્રકાશની શરૂઆત ઈ. સ. ૧૮૫૪માં થઈ હતી પરંતુ ૧૮૫૬ સુધી તેની ખાસ વિગતો મળતી નથી તેથી અહીં ઈ.સ. ૧૮૫૭ થી ઈ.સ. ૧૮૮૦ દરમ્યાન જે સમાજસુધારાને અંતર્ગત કેળવણી વિષયક લેખો તેમાં પ્રસિધ્દ્ થયા તેને વિશે જ છણાવટ કરવામાં આવી છે. બુધ્દ્વિપ્રકાશ અત્યંત પ્રતિષ્ઠિત માસિક હતું અને શિલિત વર્ગમાં તેનો ફેલાવો સારો એવો થયો હતો બુધ્દ્વિપ્રકાશ અમદાવાદથી પ્રસિધ્દ્ થતું હતું પરંતુ તેની નજર વૈમિક હતી. તેમાં સાબિત્ય, બાપા અને સમાજસુધારાને લગતા કવિ દલપતરામના લેખો તો અવાર-નવાર પ્રગટ થતા જ, પણ અન્ય લેખકો પણ લેખો પગટ કરવામાં ગૌરવ સમજતા

માર્ચ, ૧૮૫૭ના અંકમાં "વિધા ભણાવ્યાનું કારણ" એ વિશે લેખ આપેલો છે.

કોઇને પૂછીએ કે તમારા દીકરાને શા માટે ભણાવો છો ? ત્યારે તે કહે છે કે, બે પૈસા કમાઈ ખાય એટલા માટે ભણાવીએ છીએ ભણનારી છોકરીના મા-બાપને પૂછીએ કે તમારી દીકરીને શા માટે ભણાવો છો ? ત્યારે તેઓ કહે છે કે આપણા ધર્મની ચોપડી વાંચે તે માટે.

ફક્ત બે પૈસા કમાવવા માટે અથવા ધર્મની ચોપડીઓ વાંચવા માટે ભણવું એમ નથી. વિદ્યા ભણવાનું મુખ્ય કારણ એ છે કે તેથી માણસમા માણસપણું આવે, જેમ કે દીવાનું માણસ અથવા જંગલી ભીલ વગેરેમાં માણસપણું સંપૂર્ણ જણાતું નથી. તેથી વહેતી નદીને કાંઠે તેઓ રહેતા હોય તો પરા તેમના શરીર ઉપર તથા કપડામાં ઘણો મેલ હોય છે અને સાગ-શીશમની ઝાડીમાં રહેતા હોય તો પણ તેમને ઘાસના બનાવેલા ઝૂંપડામાં રહેવા મળે છે અને સારી પડતર જમીન છતાં તેમને હલકું અન્ન ખાવા મળે છે અને પૂરા કપડાં મળતાં નથી.એ બધાનું કારણ તેનામાં વિદ્યા નથી અને વિદ્યા 1 હોય તેનામાં બુદ્ધિ ન હોય ને બુદ્ધિ વિના સુખ ભોગવી શકાતું નથી.

એ રીતે સુધારો વિદ્યા ભણવાથી થાય છે તથા વિદ્યા ભણનાર માણસના દિવસો આનંદથી પસાર થાય છે. એ વિશે કહેવત છે કે “સારા માણરાની એક પડી અને મુરખનો જનમારો" મતલબકે સારા માણસ એક ઘડીમાં જેટલો આનંદ, સુખ ભોગવે છે. તેટલું મૂર્ખને આખા જનમારામાં પણ મળતું નથી.*

માર્ચ ૧૮૫૭ના આ અંકમાં 'કેળવણી' એ વિશે લેખ આવેલો છે.

અંગ્રેજ સરકાર જે રીતે પોતાના દરેક ગામમાં શાળા ત્યાપવાની મહેનત કરે છે અને તે કામ માટે મોટા પગાર આપીને માણસો નીમે છે, તેમ તમે કરો છોકરીઓની શાળાઓની સ્થાપના કરો.

પોતાના શહેરમાં મહિનામાં એકવાર અથવા બે વાર સભા મેળવીને તેમાં સારાં ભાષણ કરાવો તેમજ સ્ત્રીઓની કેળવણીને માટે પણ સારા ઉપાયો કરો અને વિલાયતમાં જે રીતે સ્ત્રીઓની સભાઓ થાય છે તથા સ્ત્રીઓ સારા-સારા ગ્રંથો રચે છે, વર્તમાનપત્રો બનાવે છે તેવી જ આપણા દેશની સ્ત્રી બુદ્ધિશાળી થાય એવા ઉપાય કરવા જોઈએ.

ભાવનગરના રાજાએ પોતાના ગાંઠના પૈસા ખર્ચીને એક અંગ્રેજી સ્કૂલ તથા ગુજરાતી શાળા ભાવનગરમાં સ્થાપી હતી.

ભાવનગરના રાજાએ પોતાની અંગ્રેજી શાળા માટે દર મહિને રૂા. ૧૦૦ તથા ગુજરાતી શાળા માટે દર • મહિને રૂ. ૨૦ તથા કાઠિયાવાડમાં શાળા સ્થાપવા માટે પૈસા એકઠા કર્યા હતા. તેમાં દર વર્ષે રૂા. ૧૦૦૦ આપતા હતા, તે સિવાય પોતાની શાળાના વિદ્યાર્થીઓને ઇનામ આપવા માટે રૂા. ૧૦૦ આ વર્ષમાં આપ્યા હતા અને તે શાળાને માટે ઈમારત બાંધવા માટે રૂા. ૨૦૦૦ આપ્યા હતા.

મે ૧૮૫૭ના અંકમાં 'કરસનદાસની મુસાફરી' એ વિશે લેખ આપેલો છે.

સુરત-ભરુચ-વડોદરા-અમદાવાદ-સીતપાર વગેરે મુખ્ય શહેરો મુંબઈથી ડીસા સુધીની ટૂંકી મુસાફરી દરમ્યાન કરસનદાસે જોવું તેનું વર્ણન - એકમાં કરેલું છે.*

રાજયો કેવા હતા તે વખતના પાદશાહ અથવા રાજય ચલાવનારા કેવી કિસમના હતા. તે રાજયમાં પ્રજાના જાનમાલની કેટલી સલામતી હતી તે રાજયમાં રૈયતના હક્કો કેટલા હતા. તે રાજ્યમાં ઇન્સાફ કેવો મળતો હતો. ટૂંકમાં, તે રાજ્યોમાં મુલકનો દેખાવ અને પ્રજાની અવસ્થા કેવી હતી તથા હિંદુસ્તાનમાં હાલ બ્રિટિશ રાજય ચાલે છે તે રાજય કેવું છે તે વિષે અજાણ્યાને વાકેફ તથા ભોળાઓને સાવચેત કરવાને વાસ્તે આ નિબંધ છપાવી પ્રગટ કરવાને અગત્ય જાણવામાં આવી છે. પાછલા બનાવો તરફ વિચાર કરવાથી તે આપણથી કેવા જ બને. જાણમાં આવે છે કે આગળ કેવું ચાલશે, તે જ પ્રમાણે જે વારે આપણે જોઈશું કે, હિંદુસ્તાનના આગલા મહમદિવાન તથા હિંદુ રાજાઓએ કેવી રીતે રાજય ચલાવ્યા છે તથા ખંડખો રોયે નિમકહરામીથી પોતાની પાલણ કરતા સરકાર તથા અમલદારો તથા તેમની બૈગુનાહ ઔરતો અને નિરઅપરાધી બાળકોના લોહીમાં પોતાના હાથ પાતકીપણાથી ગરક કીપા, તેઓનું રાજ ખોદા ન કરે ને પાછું જારી થાય તો તે કેવી કિસમનું થાય.'

ઓગસ્ટથી ડિસેમ્બર ૧૮૫૭ ના આ અંકમાં 'હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ' એ વિશે લેખ આપેલો છે.

તારીખ ૧૪મી નવેમ્બર, ૧૮૫૭ના રોજ સવારના ૭.૩૦ વાગ્યે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' તથા*નેટિવ લાઈબ્રેરી'ના મેમ્બરોની ભલું ઈચ્છનારી એક સભા લાઈબ્રેરીની નવી ઈમારતમાં ભરાઈ હતી. તે ઈમારત નેટિવ લાઇબેરી માટે તથા ગુજરાત વર્નાકયુલર સોસાયટીને માટે નગરશેઠ હિમાભાઈ વખતચંદે બંધાવી હતી.

કમાન વાહીટહીલ સાહેબે અભિપ્રાય આપ્યો ને કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈએ ટેકો આપ્યો કે આ ઈમારત બાંપવાને માટે રૂ. ૨૦૦૦ની મોટી રકમ નગરશેઠ હિમાભાઈ વખતચંદે આપી માટે તેમનો સભાએ મોટો આભાર માનવો જોઈએ અને આજ દિવસની 'નેટિવ લાઈબ્રેરી'નું નામ બદલીને 'હિમાભાઈ ઈન્સ્ટિટયૂટ' પાડવું.

આ મોટી ઈમારત પ્રસિધ્દ્ જગ્યા અમદાવાદમાં ગવર્મેન્ટ સ્કૂલ આગળ અને ભદ્રના રસ્તા પર બંધાઈ

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ઈ.સ. ૧૮૪૯માં પુસ્તકશાળા સ્થાપી. તેના મેમ્બરો ઈ.સ. ૧૮૫૩ સુધી ફક્ત ૩૩ હતા. તેની આવક રૂા. ૮૫ ૧૧-૦૦ ની હતી અને કુલ ચોપડીઓ ૧૭૧૨ હતી. પણ તે પુસ્તકશાળા સ્થપાવાથી દિવસે દિવસે પુસ્તકા વાંચવાનો શોખ લોકોનો વધતો ગયો તેથી તથા મહેરબાન કરટીસ સાહેબના ઉપદેશથી મેમ્બરો પણા થયા અને ઊપજ પણ વધી..

લાખો માણસમાં જેની જોડ જડે નહિ એવો, એવા સેંકડો માણસોના પાળનાર ને સુધારાના કારખાનાના તથા ધર્મના સ્તંભ અમદાવાદના નગરશેઠ હિમાભાઈ તાવન આજારથી થોડીક પીડા પામીને તારીખ ૨૫મી જાન્યુઆરી ઈ.સ. ૧૮૫૮ સંવત ૧૯૧૪ના મહાસુદ ૧૧ ને સોમવારના રોજ પોતાના શુભાશુભ કર્મ ખપાવીને કૈવલ્પગતિને પામ્યા.*

નવેમ્બર ૧૮૫૮ના આ અંકમાં 'છોકરીઓની નવી શાળાનુ વાસ્તુ' એ વિશે લેખ આપેલો છે.

નેકનામદાર સખાવતી બહાદુર શેઠાણી હરકોરબાઈની ઉદારતાથી આઠ વર્ષથી છોકરીઓની જે શાળા ચાલતી હતી તેને માટે એ શેઠાણીજીએ એક નવી ઈમારત તૈયાર કરાવી હતી. તેમાં તા ૨૩મી ઑક્ટોબર ઈ.સ. ૧૮૫૮ શનિવારના રોજ સવારના ૭॥ વાગે વાસ્તુ મુહૂર્ત થયું હતું. એ શુભ પ્રસંગે મેડમ સાહેબો તથા સદ્ગૃહસ્થો ત્યાં પધાર્યા હતાં, જેમાં હોઉઇટ

સાહેબના મેડમ મિ. કર્ટિસ સાહેબનાં મેડમ તથા મિ. સ્થાવર સાહેબની દીકરી, જે ડબલ્યુ. હેડો સાહેદા ઈસ્કોયર, એ.બી વોર્ડન સાહેબ ઈસ્કોયર, ડોકટર હાઈટ સાહેબ, મેજર જાપ સાહેબ, મેજર અંગર સાહેબ, મેજર બોયડ સાહેબ, કમાન વ્હાઈટ હીલ સાહેબ, કમાન ડ્યુઈટ સાહેબ, લેફ્ટેનન્ટ મીંગનાન સાહબ, લેફ્ટેનન્ટ બ્લેક સાહેબ, મિ. બોસાનક્વીટ સાહેબ, મિ. આરબટનટ સાહેબ, મિ. નારમન સાહેબ, મિ. મેસન સાહેબ, વિ. કાસ સાહેબ, મિ. સ્પાયર્સ સાહેબ તથા મિ. વ્હાઈટ સાહેબ વગેરે એ આ પ્રસંગને બિરદાવ્યો હતો.

રાવ બહાદુર શેઠ મગનભાઈ હઠીશિંગ, શેઠ મૂળચંદભાઈ હઠીશિંગ, શેઠ બાલાભાઈ જેશીંગભાઈ હઠીશિંગ, શેઠ ઉમાભાઈ રૂપચંદ તથા શેઠ મચેરજી સોરાબજી, દફતરદાર સાહેબ મોતીચંદ, સદર અમીન સાહેબ, ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેકટર સાહેબ, મામલતદાર સાહેબ, નાજરસાહેબ, ફોજદાર સાહેબ, અને બીજા સરકારી નોકરી, ગુજરાતમાં સુરત, ભરુચ, ખેડા, ધોળકા અને પંધુકા જિલ્લાના ડેપ્યુટી એજયુકેશનલ માર્ચ ૧૮૫૯ના અંકમાં હરકોરબાઈ અને જોઈતીબાઈની જૈનશાળા એ વિશે લેખ આપેલો છે

અમદાવાદ શહેરમાં જૈનશાળા સ્થાપવા બાબત ઈ.સ. ૧૮૫૩ની સાલમાં રાવસાહેબ ભોગીલાલભાઈ પ્રાણવલ્લભદાસની સૂચનાથી એ શાળાને માટે રાવબહાદુર શેઠ મગનભાઈ કરમચંદે તથા નેકનામદાર સખાવતીબહાદુર હરકોરબાઈએ મળીને રૂા. ૨૦,૦૦૦ આપ્યા. તેમાંથી છ હજાર રૂપિયા ઈમારત વગેરેના ખર્ચમાં વાપરવાને, ચૌદ હજાર પાંચ ટકાના વ્યાજે નોટમાં મૂકેલા અને એ શાળામાં બે ખાતાં કરેલાં હતાં. તેમાં એક ખાતામાં સંસ્કૃત ભાષા ભણાવવી અને બીજા ખાતામાં જૈન પ્રાકૃતગ્રંથ શીખવવા.

આ શાળાનું નામ 'નેકનામદાર સખાવતી બહાદુર શેઠાણી હરકોરબાઈ તથા રાવબહાદુર શેઠ મગનભાઈની માતુશ્રી જોઈતીબાઈના નામ ઉપરથી એ શાળાનું નામ હરકોરબાઈ તથા જોઈતીબાઈની શાળા' પાડયું હતું.

નવેમ્બર ૧૮૫૯ના આ અંકમાં "ગુજરાતી શાળાને માટે નવી ચોપડીઓ" એ વિશે લેખ આપેલો છે.

ગુજરાતી શાળાઓના ઈન્સ્પેકટર મી.હોપે ગુજરાતી શાળાઓને માટે નવી ચોપડીઓ કાઢવા "બુક કમિટી" ઠરાવી હતી. તેમના ડેપ્યુટી કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ હતા. તેમણે સાત વર્ગને માટે સાત ચોપડી બનાવી હતી, તેમાં છ ચોપડીઓ છોકરીઓને શીખવવા માટે સરળ પડે એ રીતે રચવામાં આવી હતી."

કમિટીમાં શેઠ જેશિંગભાઈ હઠીસિંગ વગેરે સારા સારા શાહુકારો તથા દફતરદાર સાહેબ, ડેપ્યુટી માજસ્ટ્રેટ સાહેબ વગેરે અમલદારો તથા રાવસાહેબ ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, રાવસાહેબ પ્રાણલાલ મથુરદાસ, વકીલ પીરજલાલ મથુરદાસ વગેરે ગૃહસ્થો બિરાજયા હતા. 10)

ઓગસ્ટ ૧૮૬૧ ના આ અંકમાં "ગુજરાત પ્રાંતની કોલેજ" એ વિશે લેખ આપેલો છે.

આ કોલેજ તા. ૧૩મી ફુલાઈ ૧૮૬૧ના રોજ ઊઘડી હતી તેમાં બે પ્રોફેશરો ઠરાવ્યા હતા. ન્યાય વિષય બાબત શિખવનાર નાનાભાઈ હરીદાસ જે સુપ્રિમ કોર્ટમાં તરજુમો કરનારને ઠરાવ્યા. તે આવે ત્યાં સુધીમાં શેઠ કેખસરો હોરમસજીને પ્રોફેસર ઠરાવ્યા હતા, ઇન્જિનિયર કલાસના પ્રોફેસર શેઠ મંચેરજી કાવસજીને ઠરાવ્યા હતા

તા. ૨૭મી મે ના રોજ કૉલેજમાં દાખલ થવા માટેના ઉમેદવારોની પરીક્ષા યોજાઇ હતી. તેમાં અમદાવાદના ૩૨ અને સૂરતના ૮ હતા. એમાંથી ૨૭ પાસ થયા હતા. "

જાન્યુઆરી ૧૮૬૨ના આ અંકમાં "મોટી ઉંમરનાને વિદ્યાભ્યાસ કરવા વિશે" જાહેરખબર આપવામાં આવી છે.

બધા લોકોને જાહેર કરવામાં આવે છે કે સરકારી શાળાઓમાં રાત્રે બે કલાક, જે મોટી ઉંમરના માણસોની ખુશી હોય, તેમને ભણાવવા, એવો સરકારી હુકમ આવવાથી જેઓને દિવસે પોતાના બધા રોજગારથી નવરાશ મળતી ન હોય, તેઓએ દરરોજ રાતના આઠ વાગ્યે સરકારી શાળામાં જઈ બે કલાક પોતાના સુધારાને માટે વિદ્યાભ્યાસ કરવો અને તેમની પાસેથી દર મહિને બે આના ફી લેવામાં આવશે.

જે લોકો વિદ્યાભ્યાસ વગરના છે. તેઓને માટે સરકારે આ યુક્તિ કાઢી છે. માટે જેઓની મરજી વિદ્યાભ્યાસ કરવાની હોય તેઓએ આવી સરકારી શાળામાં હાજર થવું. તેઓને એક કલાક લખવા-વાંચવાનું અને એક કલાક હિસાબ શીખવવાનું કામ ચાલશે અને રાત્રિના દસ વાગ્યે રજા મળશે. તા. ૪ થી ડિસેમ્બર ઈ.સ. ૧૮૯૧.૫

મે ૧૮૬૨ના આ અંકમાં 'છોકરીઓની શાળામાં વાર્ષિક ઈનામ" એ વિશે લેખ આપેલો છે.

નેકનામદાર સખાવત બહાદુર શેઠાણી હરકોરબાઈની છોકરીઓની શાળામાં વાર્ષિક ઇનામ તા. ૧૯મી એપ્રિલ ઈ.સ. ૧૮૬૨ના રોજ સવારના સાડા સાત વાગ્યે વહેંચાયાં હતાં. તે સમયે સભાપતિની ખુરશીએ મહેરબાન ટી.સી. હોપ સાહેબ બિરાજયા હતા તથા રેલ્વે કંપનીના કર્નલ ફ્રેંચ સાહેબ તથા મુંબઇ બેંકનામી.જી. અન્ય સાહેબ તથા મહેરબાન કર્ટીસ સાહેબ, દકતરદાર સખારાવ ખંડેરાવ, ડેપ્યુટી કલેક્ટર જગજીવનદાસ ખુશાલદાસ, દસક્રોઈના મામલતદાર ઓછવરામ હરીદાસ, રાવસાહેબ મહીપતરામ રૂપરામ, શેઠ ઉમાભાઈ, શેઠ મહાસુખભાઈ, તથા કવિ દલપતરામ ડાહ્યાભાઈ વગેરે ગૃહસ્થો બિરાજયા હતા. સભાપતિએ છોકરીઓનો અભ્યાસ તપાસીને ઈનામ વહેંચ્યો. શાળાના ફંડમાંથી રૂ. ૫૦ના ઓઢણાં, ખંડ તથા ચોપડીઓ, ચાંલ્લા વગેરે વહેંઆ અને શેઠાણી સાહેબ તરફથી સોનાનાં લાળિયાં તથા કમળી તોઈ મૂકેલાં ઓઢણા તથા કોર ચોડેલા ઓઢણી મળી રૂ. ૨૫ થી પણ કંઇક વધારે, એ તેને કુલ રૂ. ૭૫નાં ઈનામ વહેંઆ હતાં. તેથી અભ્યાસ કરનારી છોકરીઓ પણી રાજી થઇ હતી અને તેમના અભ્યાસ તથા ભરવા-સીવવાનું કામ જોઈને સભાસદોને પણ અત્યંત ખુશી થઈ હતી.

હતી 13

અમદાવાદની રીત જોઈ ગુજરાતનાં બીજા મોટાં મોટાં ગામોમાં પણ છોકરીઓની શાળાઓ થવા માંડી

જુલાઈ ૧૮૯૨ના આ અંકમાં "સુરતમાં છોકરીઓની શાળા" એ વિશે લેખ આપેલો છે.

સુરત શહેરમાં ઈ. સ. ૧૮૫૨માં મહેતાજી દુર્ગારામે છોકરીઓની એક શાળા સ્થાપી હતી. શરૂઆતમાં તેનો ખર્ચ શહેરના તવગર લોકો દર મહિને કઈક થોડી રકમ આપતા હતા તેમાંથી ચાલતો હતો. પણ પછી તે લોકોએ આપવાનું બંધ કરી દીધું, તેથી જો મીરજાફર અલીખાને પોતાના ઉદાર દિલથી તે શાળા ટકાવી રાખી ન હોત તો, તે ભાગ પડી હોત *

માર્ચ ૧૮૯૪ના અંકમાં “કાઠિયાવાડની ગામઠી શાળાઓના ચાલ" એ વિશે લેખ આપેલો છે.

વઢવાણની ગામઠી શાળામાં સંવત ૧૮૮૫-૮૬-૮૭ એ ત્રણ વર્ષ સુધી દલપતરામે ૮-૯-૧૦ વર્ષની ઉમંરમાં અભ્યાસ કર્યો હતો. ત્યાં એવો રિવાજ હતો કે એક મહેતાજીનો વંશપરંપરાથી તે ગામમાં શાળામાં

ભણાવવાનો હક હતો, માટે બીજા કોઈ મહેતાજી તે ગામમાં બીજી શાળા શરૂ કરી શકતા નહિ. **

નવેમ્બર ૧૮૯૪ના આ અંકમાં "સરસ્વતી ઉત્સવ' એ વિશે લેખ આપેલો છે.

તા. ૩ ઑકટોબર સોમવારની સાંજના ૫ વાગ્યે કલેક્ટર સાહેબના બંગલા પાસે મેદાનમાં, અમદાવાદની અંગ્રેજી તથા ગુજરાતી તમામ સરકારી શાળાઓના છોકરા તથા છોકરીઓને બોલાવીને ઈનામ તથા બરફી વહેંચી હતી

એ કામનો વિચાર પ્રથમ મહેરબાન નેલર સાહેબે જણાવ્યો હતો. પછી તે કામ માટે એક કમિટી કરાવી હતી

કલેક્ટર સાહેબ પ્રેસિડન્ટ

નેલર સાહેબ

કટીસ સાહેબ

શેઠ મથાભાઈ પ્રેમાભાઈ

સેક્રેટરી મી જગજીવનદાસ ખુશાલદાસ

રાવબહાદુર ભોળાનાથ સારાભાઈ

રાવસાહેબ ભોગીલાલ પ્રાણવલ્લભદાસ

આજમ મગનલાલ વખતચંદ

રાજેશ્રી કીકાભાઈ હરનારાયણ

પરી છોટાભાઈ જમનાદાસ

એ કમિટીએ ઉપરાણુ કરીને રૂ. ૮૦૦-૦-૦ એકઠા કર્યા હતા તેમાંથી તથા શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈએ શાળામાં ઈનામ આપવા માટે રૂ ૫૦૦ આપ્યા હતા તેના ઈનામ વહેંચ્યાં.

આ ઉત્સવને દિવસે મેદાનમાં સાહેબ લોકો તથા મેડમ સાહેબોની અને દેશી ગૃહસ્યોની મોટી સભાભરાઈ હતી. આશરે ૪૦૦ ખુરશીઓ તથા બેંચો, સભાસદોને માટે યુક્તિથી ગોઠવ્યાં હતાં. તે તમાસો જોવા માટે ઘણા લોકો ભેગા થયા હતા."

ઓગસ્ટ ૧૮૭૧ના આ અંકમાં "કાઠિયાવાડમાં કેળવણીનો ફેલાવો" એ વિશે લેખ આપેલો છે.

રાવ સાહેબ ગોપાળજી સુરભાઈ દેસાઈ ઈ.સ. ૧૮૬૫માં કાઠિયાવાડમાં ડેપ્યુટી ઈન્સેપ્કટર થયા. તે વખતે કાઠિયાવાડમાં કેળવણીની હાલત કેવી હતી અને ઈ.સ. ૧૮૭૦માં એટલે ૫ વર્ષમાં તેમણે તે કેવા પ્રકારની આણી એ વિશે તા. ૨૯મી નવેમ્બર ૧૮૭૦ના કાઠિયાવાડના એજન્સી ગેજેટમાં વિગતવાર છપાયેલું હતું તેની વિગત અહીં આપેલી છે.

સિવાય વર્ષો વર્ષ ઇનામ વહેંચવામાં તથા શાળાઓની લાઈબ્રેરીમાં ચોપડીઓ પૂરી પાડવામાં તથા સામાન અને શાળાઓનાં મકાનો બાંધવામાં આશરે ૪૦૦૦ ની ૫૮૦૦ રૂપિયા સુધી બર્ચ થતો હતો માટે બધું મળી કાઠિયાવાડમાં કેળવણી ખાતામાં ગામઠી શાળાઓ સિવાય એ સમયે ૧૫૦૦૦૦ રૂપિયા ખર્ચાતા હતા અને ઈ.સ. ૧૮૯૫માં ઉપરના પત્રકમાં બતાવ્યા પ્રમાણે ૧૯૪૨૧ રૂપિયા ખમિયા હતા.

આ ઉપરથી જણાશે કે ૧૮૬૫ કરતાં આ સમયે કાઠિયાવાડમાં લગભગ ૬ ગણી શાળાઓ વધી હતી અને ૫ ગણા નિશાળિયા વધ્યા હતા. ઈ.સ. ૧૮૬૫ની સાલમાં કેળવણીની પાછળ ફક્ત રૂ. ૧૯૨૪૧ ખર્ચાતા હતા પણ આ સમયે ૧૫૦૦૦૦ ખર્ચાયા હતા. રાવસાહેભ ગૌપાળજીની મહેનત, હોશ, નમ્રતા અને વિપ્રતાનું આ બધું ફળ હતું **

આ કૉલેજનું ખાતમુહૂર્ત ઓગસ્ટ મહિનાની ૨૨ ની તારીખે સાંજના છ વાગ્યે થયુ હતું. સામેબો તથા મેડમો મળી આશરે ૪૦, તથા દેશી ગૃહસ્થો ૫૮૦ બિરાજયા હતા. અને તમાસો જોવા બહાર લોકેની ઠઠ મળી હતી. સભાપતિની ખુરશીએ મહેરબાન એ એ. બારોડેલ બિરાજીને અંગ્રેજીમાં ભાપલ કર્યું હતું તથા મેજર વોલ્સ સાહેબે ભાપણ કર્યું હતું. એ.એ બારોડેલના ભાપણનો સાર ગુજરાતીમાં મિ. અંબાલાલ સાકરલાલ કહી સંભળાવ્યો હતો તે નીચે પ્રમાણે હતો.

મિ. બોરેડેલ સાહેબના ભાપલનો સાર.

આજ આપવો બધા રા.બ. બહેચરદાસને આબરૂ આપવા ભેગા થયા છીએ. રા.બ. બહેચરદાસ તરફથી સ્ત્રી-શિક્ષકો કેળવવાની શાળા સ્થાપવાનું આજ ખાતમુહૂર્ત છે. રા.બા. બહેચરદાસને પોતાને જ આ દેશના સી-શિક્ષકો નહિ મળવાથી કેટલીક મુશ્કેલી નડી હતી. તે ઉપરથી તેમને આ શાળા સ્થાપવાનો વિચાર સૂઝયો.

તેમની દીકરી મહાલક્ષ્મીકોર જયારે આઠ વર્ષની થઇ ત્યારે તેને લાયક સ્ત્રી-શિક્ષક શાળા બંધાવવાની ઈચ્છા કરી. મેં એમની સૂચના મુંબઈ સરકારને લખી તેઓએ ઘણી ઉદારતાથી બીજા એટલાથી વધારે રૂપિયા આપવાનું કબૂલ કર્યું. રા.બ બહેચરદાસ ની સખાવત કઈ એક તરેહની અથવા એક જાત કે કોમના લાભની નથી. ગરીબોને માટે સદાવ્રત સ્થાપવું કે સંસ્કૃત શાળા કાઢવી હોય કે દવાખાનું કાઢવું હોય તો પણ રા બ.બહેચરદાસ ઉદારતાથી આગળના આગળ રહે છે. વળી એમ નથી કે તેખો માત્ર હાજ દેશના લોકનું કલ્યાણ કરવા પ્રયત્ન કરે છે મેં થોડા દિવસ ઉપર વિલાયત્તમાં આપળા લોકો ને નમાવા છોકરાને વાસ્તે મદદ માંગી ત્યારે તેઓએ રૂ. ૫૦૦૦નો ચેક એકદમ મારા હાથમાં મૂકયો. આવા સખી ગૃહસ્થને આબરૂ આપવા તથા તેઓની સ્ત્રી-શિક્ષક શાળાના ખાતમુહૂર્તનો આજ રળિયામલો દિવસ છે !=

માર્ચ ૧૮૮૫ના આ અંકમાં "વિસનગર કેળવણી ફંડ " એ વિશે લેખ આપેલો છે.

રૈવાકાંઠાના દકતરદાર અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના લાઇક મેમ્બર રાવબહાદુર વ્રજલાલ પુરુષોત્તમરાયન પોતાની સ્વભૂમિ વિસનગરમાં કોઈ સુધારાના કાર્ય કરવાની ઈચ્છા થવાથી તેમણે તે તરફના નાયબ સૂબા રા.સા. રઘુનાથ મહાદેવ કેલકર અને નિશાળ ખાતાના ઈન્સ્પેકટર રા.સા.હરગોવિદદાસ દ્વારકાદાસને નાતાલની રજામાં પોતાને વતન બોલાવ્યા અને તેમની સલાહ લઇ તળ વિસનગરના વિસનગરા કેળવણીના કામમાં પછાત છે, માટે તેમને ઉત્તેજન મળવા એક કે: ઊભુ કર્યું. તેમા પોતે રૂ. ૧૦૦૦ ભરવાની પહેલ કરી અને માજી દફતરદાર શિવશંકરભાઈ પાસે રૂ. ૧૦૦૦ તથા બીજા ગૃહસ્યો પાસે પૈસા ભરાવી સુમારે રૂ.૩૦૦૦ તે વખતે ભેગા કર્યા ગરીબ વિદ્યાર્થીઓને ડી, ચોપડીઓ તથા પ્રમાણમાં ખાપા ખર્ચ સુદ્ધા આપવું, કન્યાશાળાને કેટલીક મદદ કરવી વગેરે કામ માટે એક મિટી નક્કી કરે અને એકંદરે પારાપોરણનું એક ટસ્ટડીડ ઘડી કાઢવામાંઆવ્યું, ફંડમાં બીજી રકમો વધવાની આશા હતી, બને તડતા લોકોને બોલાવી સમજૂતી આપી અને કેટલોક બંદોબસ્ત ન્યાયશાઈ થઇ ગયો આવી જાતનું અમુક ન્યાતની કેળવણી માટે સામાન્ય મોટું ફંડ કોઈ ઠેકાણે થયું જાણવામાં નથી. લોકપ્રિય લોર્ડ રિપને કેળવણીના કામમાં જે ખાનગી મદદની આશા બતાવી હતી. તેને માટે આ એક ઉત્તમ રસ્તો રા બ વ્રજલાલની પ્રેરણાથી ચાલુ થયો હતો. તેને બીજી નાતો ગ્રહણ કરે તો કેળવણીના કામને પણી મદદ મળે એમાં સંદેહ નથી.

રા. ભા. વ્રજલાલે વિસનગરની લાઇબ્રેરીમાં ગુજરાતી પુસ્તકોનું એક કબાટ મૂકવા રૂ. ૨૫૧ અને વડોદરા સ્વદેશ હિતવર્ષક સભાને રૂ. ૨૫ આપ્યા હતા. લૌકિક પર્યાદામાં પણ તેમણે સારી રકમ ખર્ચી હતી. પૈસાનો સદુપયોગ કરવી તે દરેક સમજુ માલસનું કર્તવ્ય છે. 10

જુલાઇ ૧૮૮૯ના આ અંકમાં "સ્ત્રી શિક્ષણ" એ વિશે લેખ આપેલો છે.

સી-શિક્ષણ એટલે સ્ત્રીઓને વિધાજ્ઞાન આપવું એ બાબતે લોકોના વિચાર જુદા જુદા પ્રકારના હતા. કેટલાક એમ કહેતા હતા કે સ્ત્રીઓને વિધાજ્ઞાન આપવાથી અનર્થ થવાનો સંભવ છે પરંતુ તે મોટી ભૂલ છે. આપણા પ્રાચીન ગ્રંથો તરફ નજર કરીશું

તો રુક્ષ્મણી, ગાર્ગી, દમયંતી, સીતા વગેરે બહુજ્ઞાની, પ્રતિવ્રત પાળનારાં અને અનેક સદ્ગુ સંપન્ન હતા માટે જ એ જ રીતે આધુનિક સમયમા સ્વપર્માચરણ તથા એકતા વિશે સંપૂર્ણ કેળવણી આપવામાં આવે તો તેનું ફળ પણ સારું માલુમ પડશે.

પુરુષ મનુષ્ય છે તેમ સ્ત્રી પણ મનુષ્ય છે. પુરુષન વિધાજ્ઞાન મળવાથી અનેક પ્રકારના લાભ પામ થાય છે. તો સ્ત્રીઓને વિધાજ્ઞાન મળવાથી પણ થાય જ, એ વાત સિધ્દ થયેલી હતી, કેમ કે ઈશ્વરે મનુષ્ય માત્રમાં બીજરૂપે બુધ્દિ મૂકેલી છે. તેથી તેના ઉપર જેમ વધારે કામ પડશે તેજ તે વૃધ્દિ પામી અનેક ફાયદા અને ચમત્કારો બતાવવાને સમર્થ બનશે.

પરંતુ આ સમયે જેવી જોઈએ તેવી કેળવણીનો ફેલાવો સી-જાતિના ભલા માટે થવો જોઈએ તે થયો ન હતો એ દેશોદેશની બાબતમાં લાયક ગુહસ્યો મળે છે તેમને બીજા એ મદદ આપવી અપાતી કેળવણીમાં સુધારો-વધારો થઈ તેના સારા ઠળ હતહમદીથી પેદા થવા આશા રાખી હતી છ

ઓકટોબર ૧૮૮૯આ એકમા કન્યાશાળાઓની હાલની સ્થિતિ' એ વિશે લખ આપેલા છે

આ સમયે રશહેરો તથા કબાઓમાં કન્યાશાળાઓ દિન-પ્રતિદિન ઊઘડતી જતી હતી અને તેથી એક રીતે દેશની ઉન્નતિ થવાનુ કારણ મળે છે એ જોઈ સી-કેળવણીને ખરા અંત કરણપૂર્વક ચાહનાર ગૃહસ્થો ખુશ થતા હશે અને તે થવા જેવું પણ છ કારણકે માતાને જ્ઞાન આપવું, એ થતી પ્રજાને જ્ઞાન આપવા સરખું હતું. નેપોલિયન બોનાપાર્ટ કહી ગયો હતો કે "દેશને આબાદ કરવો હોય તો પ્રથમ માતાઓને અર્થાત સ્ત્રીઓને કેળવો "

છોકરા કરતા છોકરીઓને સારી રીતે કેળવી ઊંચા પોરણે ભણાવી કૃતાર્થ થવું એ બિના ધ્યાનમાં રાખનારી પ્રજાનો ભાગ ઘલો નાનો હતો વળી છોકરાઓને સવારમાં શાળાએ મોકલતા જેટલાં મા-બાપ ખુશ મોય છે. તેટલા છોકરીને શાળામાં મોકલતા ખુશ હોતા નથી કારણકે નાનાં બાળકોને રમાડવાનું કામ, છાશ-પાણી ઇત્યાદિ પરનું કામ કરાવવામાં તેમની માતાઓ તેમને રોક છે, જો કે સમજુ અને ભલેલી માતાઓ, પોતાની છોકરીઓને રોકવા રાજી હોતાં નથી પણ તેવો ભાગ ખૂબ જ નાનો હતો વળી બાળપણમાં લગ્ન કરવાથી છોકરીઓથી વધારે અભ્યાસ થઈ શકતો ન હતો. એકદરે શાળાની આબાદીનું પ્રથમ પગથિયું હાજરી છે, અને હાજરીમાં તો ઉપર બતાવ્યા તેવા અનેક કારણોન લીપે હરકત નડે છે. ત્યારે હવે કરવું કેમ ? એ બાબત પણા બારીક વિચારો લઈ જો કામ આરંભવામાં આવે તો કેટલેક દરજજે આ સમયની શાળાઓમાં હાજરીની જે બૂમ ચાલતી હતી તે મટે ને ઉપલાં પોરણો પણ ચાલે અને તેથી સ્ત્રી-કેળવણીનો પારેલો હેતુ પાર પડે.

આ સમયે કન્યાશાળાઓ હજુ બીજા કરબાઓ ને ગહેરોની અંદર ભચપણની સ્થિતિ ભોગવતી હતી." ઓકટોબર ૧૮૯૨ના અંકમાં "ખાડિયા રણછોડલાલ છોટાલાલ કન્યાશાળા ઉપાડવાની ક્રિયા" એ અંગે લેખ આપેલો છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની મૅનેજિંગ કમિટીએ ઠરાવ કર્યા મુજબ ખાડિયા રણછોડલાલ છોટાલાલ કન્યાશાળા ખુલ્લી મૂકવાની ક્રિયા કરવા માટે રાવબહાદુર લાલશંકર ઉમિયાશંકર તથા રા.રા. કેશવલાલ હર્પદરાય ધ્રુવ, કન્યાશાળાની વ્યવસ્થાપક મંડળીના સેક્રેટરી સાહેબની સહીથી આમંત્રણ કરીને, ઈ.સ. ૧૮૯૨ના સપ્ટેમ્બર મહિનાની તા.૧લીએ સવારના આઠ કલાકે કન્યાશાળાના ઉપયોગ માટે હાલ તરત માલિકે વગર ભાડે આપેલા શેઠ જેઠાભાઈના ડેલાના વિશાળ મેડા ઉપર, ખાડિયા જિલ્લાના ગૃહસ્થોની સભા ભરવામાં આવી હતી.

રા.બ.લાલશંકર ઉમિયાશંકરની દરખાસ્ત અને રા. રા. કેશવલાલ મોતીલાલની અનુમતિ ઉપરથી રાવબહાદુર હરિલાલ અંબાશંકર પ્રમુખસ્થાને બિરાજયા હતા

રાવબહાદુર લાલશંકર ઉમિયાશંકરે પ્રથમ ઊઠી પ્રણું અસરકારક અને લાંબું ભાપણ કર્યું અને પોતાના ભાષણ દરમિયાનમાં જણાવ્યું કે તેમને પોતાને તથા ખાડિયાના બીજા કેટલાક ગૃહસ્થોને તે લત્તામાં એક કન્યાશાળાની અગત્યતા જણાવાથી તેમણે એ વિચાર ઓનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલને જણાવવો. ને ઉપરથી તેઓ સાહેબે એ વાત તરત ઉપાડી લઈ. ખાડિયામાં એક કન્યાશાળા સ્થાપવા માટે રૂ.૧૨૦૦૦ ની રકમ પોતાના તરફથી આપવાની ઈચ્છા દર્શાવી. એ ફંડ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને સ્વાધીન થયું. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ કંડની શરત પ્રમાલ કન્યાશાળાની વ્યવસ્થા માટે એક ખાસ વ્યવસ્થાપક મંડળી નીમી. તેમની મારફતે આ કન્યાશાળા ઉપાડવા માટે કરેલી ગોઠવણ પ્રમાણે એ સમયે કન્યાશાળા ખોલવામાં આવી ઉપરાંત શરૂઆતના ખર્ચ માટે પણ રી.બારણછોડલાલે બીજા રૂ. ૩૦૦ આપ્યા હતા. આ પ્રમાણે કન્યાશાળાની સ્થાપના સબધી સમળી સવિસ્તાર હકીકત કહી સંભળાવ્યા પછી, રા.બ.લાલશંકરે કન્યાશાળાની અગત્ય વિશે ખંભાળાથી અને દલીલ સાથે અસરકારક વિવેચન કર્યું હતુ. "

જાન્યુઆરી ૧૮૯૩ના આ અંકમાં "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી સ્થાપાયેલી મફત વાચન-માળા" એ વિશે લેખ આપેલો છે.

આ ૩૧ ડિસેમ્બર ઈ.સ. ૧૮૯૩ના શનિવારના રોજ સાંજના ચાર વાગ્યે અમદાવાદમાં માણેકચોકના લત્તામાં પાદશાહના હજીરા પાસે જાહેર સભા બોલાવી વેપારી લોકોના લાભને ખાતર ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી એક મફત વાંચવાની વાચનશાળા ઉપાડવામાં આવી હતી પંપાદારી લોક કે જેમને દિવસનો પણો વખત પોતાના વૈપારના કામમા રોકવી પડે છે અને પોતાની દુકાન અને બજાર છોડીને અલાયદી જગ્યામાં સ્થાપાયેલી વાંચનશાળાનો લાભ લઈ શકાતો ન હતો, તેવા ગૃહસ્ય વર્ગ જેમને પૈસાને માટે અને વખતને માટે અનુકૂળ નથી, તેવા શાહુકારોના ગુમાસ્તા તથા નોકર-ચાકર વર્ગને સદરહુ વાયનશાળાથી અસાધારણ લાભનો સંભવ છે

જાન્યુઆરી ૧૮૯૫ના આ અંકમાં "સ્ત્રી વકતૃત્તેજક ઈનામી ભાષણ" એ વિશે લેખ આપેલો છે.

સ્ત્રીઓમાં ભાપણ આપવાની શક્તિ વધારવાને સ્ત્રીઓની સભા રૂબરૂ હરીફાઈથી ભાષણ કરનાર સ્ત્રીને ઈનામ આપવાની જાહેરખબર બુદ્ધિપ્રકાશના અંકમા આપવામાં આવી હતી. તે પ્રમાણે ભાપણ સમારંભઅમદાવાદમાં મગનભાઈ કરમચંદ કન્યાશાળામાં તા. ૨૩મી તથા ૨૪ મી ડિસેમ્બર ૧૮૯૪ના રોજ કરવામાં આવ્યો હતો. ભાષણના બે વિપો રાખ્યા હતા. પ્રથમ, સ્ત્રીએ "ભાષણની આવશ્યકતા વિષે" ભાપણ કરવાનું હતું અને તેમાં સૌથી સારું ભાષણ કરનારને રૂા. ૨૫નું ઈનામ ગુજરાત વનકિયુલર સોસાયટી તરફથી આપવાનું હતું. બીજો વિષય 'સ્ત્રી શિક્ષણ કેવા પ્રકારનું આપવું" એ હતો અને તે વિશે સૌથી સારું ભાષણ આપનારને

રૂ. ૧૫નું ઈનામ આપવાનું હતું. માર્ચ ૧૮૯૬ના અંકમાં 'રા'બ. ભોળાનાથ સારાભાઈ લિટરરી ઇન્સ્ટિટટ્યૂટ ફોર ફિમેલ્સ" એ વિશે લેખ આપેલો છે.

સ્ત્રી-કેળવણીનો પ્રચાર કરવાને તથા સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સુધારવાને અર્થે મિસિસ એપ્ટનના પ્રવાસથી ઈ.સ. ૧૮૮૯માં નેશનલ ઇન્ડિયન એસોસિયેશનની એક શાખાની અમદાવાદમાં સ્થાપના થઈ. સીઓની દશા સુધારવાનો આ સઉદેશ પરિપૂર્ણ કરવા સી-વર્ગને માટે એક પુસ્તકશાળા, સંગ્રહસ્થાન તથા સ્ત્રી-સમાજના સંસ્થાપન અર્થે એક મકાન

બાપવાના ઠરાવ થયો હતા. આ સહકાર્યની હિલચાલ થતાં ગુજરાતના કેટલાક ગૃહસ્થો તથા કાઠિયાવાડના કેટલાક રાજાઓ તરફથી ઉત્તેજન મેળવી એક ફંડ ઊભું કરવામાં આવ્યું. તેઓ કામ પ્રમાણમાં નાનુ હોવાથી મર્હુમ સરદાર રા.બ મોળાનાથ સારાભાઈ સ્મારક ફંડના કાર્યભારીઓએ રૂ. ૮૦૦૦ મહૂમ ગૃહરથનું નામ આ ઇન્સ્ટિટયુટ સાથે જોડવાના શરતે, અર્પણ કરવાથી મકાનની યોજના નિર્ણિત થઈ. ઈ.સ. ૧૮૮૯ના ડિસેમ્બર મહિનાના નામદાર કરેસ ઓઠ હોનોરના શુભ હસ્તે તેનો પાયો નાખવામાં આવ્યો. આ ઈમારતનું ઔધકામ અલ્પ સમયમાં પૂરું થયું હતું તથા તેની ભવ્યતા તથા સૌંદર્ય પ્રમાણમાં ખર્ચ ઓછું થયું તેનું માન કેળવણીના પ્રચારમાં ઉત્સાહથી પ્રવૃત્ત રહેનાર રા.બ લાલશંકર ઉમિયાશંકર જેઓ લેડી ડકરીને ફંડની અમદાવાદની શાખાના ખો સેક્રેટરી હતા તેમને પટે છે.

મુંબઈ તાલુકાના નામદાર ગવર્નર લોર્ડ સેન્ડર્હસ્ટે તસ્દી વઈ તા. ૧૫મી દેબ્રુઆરી ઈ. સ. ૧૮૯૬ના રોજ અહીં પધારી આ મકાન ખુલ્લું મૂક્યું.

દેશના તેમજ દુનિયાના ઉત્કર્યું અથાંત્ કલ્યાણનો મુખ્ય આધાર સ્ત્રી-કેળવણી ઉપર છે. સી-કેળવણી વધારવાને એટલે જનહિત કરવાને માટે સરદાર રા.બ. ભોળાનાથ ભાઈ, તેમના સ્મારક ફંડના કાર્યભારીઓ, અન્ય ગૃહસ્થો તથા દેશી તેમજ વિદેશી વિકસિત સ્ત્રીઓએ ઉત્તેજન આપી અને પ્રયાસ કરી આ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના અમદાવાદમાં કરી હતી તે સંસ્થા ભારતમાં પ્રથમ હતી *

એપ્રિલ ૧૮૯૬ના આ અંકમાં "શેઠ મણિલાલ રલછોડદાસ લાઈબ્રેરી ઉપાડવાનો સમારંભ" એ વિશે લેખ આપેલો છે

શેઠ મણિલાલ રણછોડદાસની ઉદારતાથી માર્ચ મહિનાની તા. ૩જીએ અમદાવાદમાં ચંગપોળના નાકે એક ફ્રી વાંચનમાળા ઉપાડી મુકવાની ક્રિયા કરવામાં આવી હતી. આ સમારંભના આમંત્રણ-પત્ર ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઑનરની સેક્રેટરી રાય બહાદુર લાલશંકર ઉમિયાશંકરની સહીના કાઢવામાં આવ્યાં હતાં તેથી શહેરના મોટા મોટા સભાવિત ગૃહસ્થો વકીલો વગેરે તે પ્રસંગને માટે બાંધેલા મંડપમાં પધાર્યા હતા. બીજા લોકોની પણ સારી ઠઠ એકઠી થઈ હતી વખત થતા પહેલાં મંડપ સદ્દગૃહસ્થોથી ચીકાર ભરાઈ ગયો ૧૯મી સદી દરમ્યાન ગુજરાતના કેળવણી વિકાસમાં 'બુદ્ધિપ્રકાશ'ની ભૂમિકા હતો. અહીંના સેશન જજ સાહેબ બહાદુર જોકકોર્કલની ગાડી આવી પહોંચતાં સર્વેએ તેમને વંદન કરી માન આપ્યું હતું. તેઓ સાહેબે પ્રમુખસ્થાન લીપા પછી રાવબહાદુર લાલશંકરભાઈએ શેઠ મણિલાલની ઉદારતાના સંબંધમાં અંગ્રેજીમાં છટાદાર ભાષણ આપ્યું હતું, જેનું ગુજરાતીમાં રાવબહાદુર સાહેબે ભાષાંતર કરી બધાને સમજાવ્યું હતું. ઓનરરી સેક્રેટરી રાવબહાદુર રણછોડદાસ છોટાલાલે પણ આ વિષય ઉપર બે મુક્ત બોલ બોલીને પ્રસંગ શોભાવ્યો હતો. 4

ઈ.સ. ૧૮૮૧ થી ઈ.સ. ૧૯૦૦ દરમ્યાન ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની જેમ બુદ્ધિપ્રકાશ પણ સમાજસુધારાની બાબતમાં વધારે કાર્યાન્વિત બન્યું. તેણે ખાસ કરીને કન્યા કેળવણી તરફ તેનું ધ્યાન કેન્દ્રિત કર્યું. લાલશંકર ઉમિયાશંકર જેવા પ્રખર સમાજ-સુધારકોએ સ્ત્રીઓની વક્તત્વશક્તિ ખીલવવા મંડળ શરૂ કર્યું, જેમાં ગુજરાતની બાળાઓ તેમજ પુખ્ત વયની સ્ત્રીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લેવો શરૂ કર્યો. આ એક ભગીરથ કાર્ય હતું.

ગુજરાતમાં ૧૯મી સદી પછી ઝડપથી સામાજિક પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ. તેનું મુખ્ય કારણ બુદ્ધિ પ્રકાશે જે રીતે કેળવણીને એટલા ઉત્સાહથી આગળ ધપાવવામાં આવી તે હતી. તે સમયે પણ એવો ખ્યાલ હતો કે સ્ત્રી-જાતિની કેળવણીમાં ગુજરાત અન્ય પ્રદેશની સરખામણીમાં પાછળ રહી જશે. ટૂંકમાં આજે આપણે કેળવણીની વિવિધ શાખા-પ્રશાખાની પ્રવૃત્તિઓ જોઈએ છીએ ત્યારે લાગે છે કે આ બધી સંસ્થાઓના મૂળમાં બુદ્ધિપ્રકાશ સામયિક અને એ પેઢીના ઉત્સાહી સમાજ-સુધારકોમાં જે બુદ્ધિગમ્ય વિચારો હતા તેને આભારી છે.

સંદર્ભસૂચિ

૧. બુધ્દ્ધિપ્રકાશ, માર્ચ ૧૮૫૭, પૃ. ૩૭-૩૮

૨. બુધ્દ્ધિપ્રકાશ, માર્ચ ૧૮૫૭, પૃ. ૩૯-૪૧

૩. બુધ્દ્ધિપ્રકાશ, મે ૧૮૫૭, પૃ. ૯૭-૬૯

૪. બુધ્દ્ધિપ્રકાશ, ઓગસ્ટ - ડિસેમ્બર, ૧૮૫૭. પૃ. ૧૯૭-૧૭૧

૫. બુધ્દ્ધિપ્રકાશ, ઓગસ્ટ - ડિસેમ્બર, ૧૮૫૭, પૃ. ૧૩૮-૧૪૨

૬. બુધ્દ્ધિપ્રકાશ, માર્ચ, ૧૮૫૯, પૃ. ૪૮

૮. બુધ્દ્ધિપ્રકાશ, ઓગસ્ટ ૧૮૯૧ પૃ.૧૮૮-૧૮૯

૧૦. બુધ્દ્ધિપ્રકાશ, મે ૧૮૬૨, પૃ. ૧૧૭-૧૧૮

૧૨. બુધ્દ્ધિપ્રકાશ, મે ૧૮૯૩, પૃ. ૧૧૭-૧૧૯

૧૪. બુધ્દ્ધિપ્રકાશ, નવેમ્બર ૧૮૯૪, પૃ. ૨૫૧-૨૫૩

૧૯ બુધ્દ્ધિપ્રકાશ, નવેમ્બર ૧૮૭૨. પૃ. ૨૫૯-૨૬૨

૧૮. બુધ્દ્ધિપ્રકાશ, માર્ચ ૧૮૮૫, પૃ. ૯૫-૯૬

૨૦. બુધ્દ્ધિપ્રકાશ, ઓકટોબર ૧૮૯૨, પૂ. ૨૦૩-૨૩૭

૨૩. બુધ્દ્ધિપ્રકાશ, જાન્યુઆરી ૧૮૯૫, પૃ. ૩૦-૩૩

૭. બુધ્દ્ધિપ્રકાશ, જૂન, ૧૮૯૧ પૃ. ૧૩૧

૯ બુધ્દ્ધિપ્રકાશ, જાન્યુઆરી ૧૮૬૨, પૃ. ૭

૧૧. બુધ્દ્ધિપ્રકાશ, જુલાઈ ૧૮૯૨, પૃ. ૧૫૨-૧૫૪ ૧૩. બુધ્દ્ધિપ્રકાશ, માર્ચ ૧૮૯૪, પૃ. ૫૦-૫૧

૧૫, બુધ્દ્ધિપ્રકાશ, ઓગસ્ટ ૧૮૭૧, પૃ. ૧૯૦-૧૯૨

૧૭, બુધ્દ્ધિપ્રકાશ, સપ્ટેમ્બર ૧૮૭૪, પૃ. ૨૨૭-૨૩૨

૧૯. બુધ્દ્ધિપ્રકાશ, જુલાઈ ૧૮૮૯, પૃ. ૧૪૭-૧૪૯ ૨૨. બુધ્દ્ધિપ્રકાશ, જાન્યુઆરી ૧૮૯૩, પૃ. ૨૧-૨૪

૨૪ બુધ્દ્ધિમકાશ, એપ્રિલ ૧૮૯૯, પૃ. ૯૭-૯૯